જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૫/૦૮/૨૦૨૦ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૦૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૦૪/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૪ | ૧ | ૧૦૩૫૫ | ૧૬૪૦૮ | ૧ | ૧૬૪૦૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૫ | ૦ | ૪૩૩૫ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૦૩ | ૬ | ૨૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૯૮૭ | ૯ | ૧૩૯૯૬ | ૧૪૪૯૩ | ૭ | ૧૪૫૦૦ |
| | કુલ | ૨૮૭૨૦ | ૧૦ | ૨૮૭૩૦ | ૩૬૯૫૫ | ૧૪ | ૩૬૯૬૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૮ | ૮,૭૯,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૪૧ | ૫,૨૦,૫૦૦/- |

# <u>ચોરીના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સેટેલાઈટ પોલીસ સ્ટેશન :</u>

### <u>રોકડ નાણાની ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સેટેલાઈટ પોલીસ</u>

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ નાઓની સુચના મુજબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ સાહેબ નાઓની સુચના મુજબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “એન” ડીવીઝન તેમજ સેટેલાઈટ પોલીસ ઈન્સપેકટરશ્રી જે.બી.અગ્રાવત નાઓના માર્ગદર્શન હેઠળ સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા સારુ આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ. કે.ડી.રવીયા નાઓ તથા સર્વેલન્સ સ્કોડ પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો.મેહુલકુમાર હસમુખભાઇ બ.નં.૮૮૨૩ તથા લોકરક્ષક પરેશકુમાર નારાયણભાઇ બ.નં.૧૧૪૫૯ નાઓને સંયુકત રીતે મળેલ બાતમી હકીકત આધારે નીચે જણાવેલ આરોપીને તારીખ-૩૦/૦૭/૨૦૨૦ ના કલાક-૨૩/૧૦ વાગે પકડી સેટેલાઈટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ-A 11191042200686 IPC કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ મુદામાલ સાથે પક્ડી ગુનાનો ભેદ ઉકેલીને સેટેલાઈટ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

### <u>આરોપી:-</u>

હેમેન્દ્ર ઉર્ફે હેમુ ગિરીશભાઈ રાઠોડ ધંધો- બેકાર બી/૧/૨૦૨ વિશ્વાસ એપાર્ટ મેન્ટ , ગુલાબટાવર સોલા રોડ ઘાટલોડીયા અમદાવાદ શહેર

### <u>મુદામાલ:-</u>

રોકડા નાણા ૧૫૦૦૦/- તથા એક મોબાઇલ નંગ-૧ કિ.રૂ.૨૦૦૦/- કુલ્લે ૧૭૦૦૦/- મતા

### <u>કામગીરી કરનાર ટીમ:-</u>

પોલીસ. સબ. ઈન્સ.કે.ડી.રવીયા તથા હે.કો. નિતીનભાઇ સીતારામ રાવ તથા હે.કો. રાઘવદાન ખેતદાન તથા પો.કો. સિધ્ધરાજસિંહ બળદેવસિંહ તથા પો.કો. મેહુલકુમાર હસમુખભાઇ તથા અ.લોકરક્ષક રમેશભાઇ ભુપતભાઇ તથા લોકરક્ષક પરેશભાઈ નારાયણભાઈ તથા લોકરક્ષક મહેંદ્રસિંહ ભરતસિંહ તથા લોકરક્ષક જયદિપસિંહ દિલાવરસિંહ



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

## ગણનાપાત્ર જુગારનો કેસ શોધી 3 ઇસમોને પકડતી શાહીબાગ પોલીસ

**મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે તા.૦૪/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે "શાહીબાગ ગિરધરનગર બ્રીજ રાજનગર મિલ હડકાઈ માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામા કેટલાક ઇસમો પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમાડે છે" જે હકીકત આધારે રેઇડ કરતા ૦૩ ઇસમો જુગારના સાધનો સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કલાક.૧૬/૦૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે.**

**આરોપીઓના નામ ;-** (૧) વિનોદ પ્રતાપસિંહ ઠાકોર ઉ.વ.૪૦ ધંધો-રી.ડ્રા. રહે-મ.નં-૧૨૩૨ ઠાકોરવાસ જોગણી માતાના મંદિર નવા માધુપુરા અમદાવાદ શહેર + ૦૨ =૦૩

**મુદ્દામાલ ;- અંગઝડતીમાંથી મળેલ રોકડા રૂ.૧૦,૦૦૦/- તથા દાવના નાણા રૂ.૬૫૦/-તથા એક વિવો કંપનીના મોબાઇલ ફોન નંગ-૧ જેની કિ.રૂ.૬૦૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ જે તમામ મળી કુલ્લે રૂ.૧૬૬૫૦/- ની મત્તાનો**

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.રાજદીપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો ભુપેન્દ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો જગદીશ મોહનભાઇ બ.નં.૬૩૩૦ તથા અ.પો.કો જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો મુકેશભાઇ સાંકાભાઇ બ.નં.૪૯૧૧ તથા અ.પો.કો કિરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.લો.ર.અંકીતસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૨૪૧



## <u>વાસણા પોલીસ સ્ટેશનઃ-</u>

## <u>જાહેરમાં ચાલતો જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વાસણા પોલીસ</u>

મે.પોલીસ કમિ.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી આર.વી.અસારી સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ પ્રેમસુખ ડેલું સાહેબ તથા મ.પો.કમિશ્નર શ્રી વી.જી.પટેલ સાહેબ નાઓની સુચનાથી પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એમ.સોલંકી સાહેબ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી જુગારને લગતી ગે.કા.પ્રવૃતિ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અનુસંધાને કોબીંગ ના.રા.માં પ્રો.પો.સબ.ઇન્સ. જે.બી.પરમાર સાહેબ તથા સાથેના સ્ટાફના અ.પો.કો મહેન્દ્રસિંહ રણજીતસિંહ બ.નં.૬૦૫૧ તથા પો.કો.દિગ્વિજયસિંહ દિપસંગભાઇ બ.નં.૧૧૮૧૫ તથા અ.લો.ર. ગૌતમભાઇ કાળુભાઇ બ.નં-૪૦૭૨ તથા અ.લો.ર. જયેશભાઇ પ્રતાપભાઇ બ.નં-૧૨૫૨૧ તથા અ.લો.ર. નીરવકુમાર પ્રકાશભાઇ બ.નં-૧૩૧૧૯ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી જુગારની પ્રવૃતિને નેસ્ત નાબુદ કરવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **<u>પ્રો.પો.સબ.ઇન્સ.જે.બી.પરમાર તથા અ.લો.ર.ગૌતમભાઇ કાળુભાઇ બ.નં-૪૦૭૨</u>** નાઓને મળેલી સંયુક્ત બાતમી હકિકત આધારે વાસણા પ્રવિણનગરમાં વણઝારા વાસમાં જાહેરમાં રેઇડ કરતા પાંચ ઇસમોને જુગાર રમતા પકડી પાડી સદરી પાંચેય ઇસમોની અંગજડતીના નાંણા રૂ.૪૨,૨૪૦/- તથા દાવના નાંણા રૂ.૨૫,૦૦/- મળી કુલ્લે રૂ.૪૫,૨૪૦/- મુદ્દામાલ સાથે આરોપીઓને તા-૦૫/૦૮/૨૦૨૦ ના કલાક-૦૨/૦૦ વાગ્યે પકડી જુગાર ધારા કલમ ૧૨ મુજબ અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા-૦૫/૦૮/૨૦૨૦

## સરખેજ પોલીસ સ્ટેશનઃ-

## શ્રાવણ માસમાં જાહેરમાં તીન પત્તીનો જુગાર રમાતા આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શ્રાવણ માસ દરમ્યાન ચોરી છુપીથી ગેર કાયદેસર પત્તા પાના વડે રોકડ રકમની હાર જીતનો તીન પત્તીનો જુગાર રમતા હોય જેના પર વોચ રાખી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રમાતા જુગાર જેવી બદીને નેસ્ત નાબુદ કરવા સારૂ તેમજ મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહિ કરવા મળેલ સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૮૪૭૪ તથા અ.પો.કોન્સ.ખેમરાજદાન ભીમસંગ બ.નં.૧૩૧૫૬ તથા અ.લોકરક્ષક ઇરફાન કાસમભાઇ બ.નં.૮૮૭૪ અ.પો.કોન્સ રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં.૮૯૨૧ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અનાર્મ લોકરક્ષક શીણાભાઇ કાળુભાઇ બ.નં.૪૪૬૪ અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ તથા અ.લોકરક્ષક ઇરફાન કાસમભાઇ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે મોજે હિરાવીલા સોસાયટી આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ ખાતે ખુલ્લી જગ્યામાં ભેગા થઇ ગંજીપાનાથી પૈસાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડી જુગારના સાધનો તથા રોકડા નાણા રૂપીયા ૧૦,૬૫૦/-/- મળી કુલ્લે રૂ,૨૧,૧૫૦/-ના મુદ્દામાલ સાથે તા.૦૪/૦૮/૨૦૨૦ ના કલાક ૧૫/૪૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહિ કરી અત્રેના પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૪૦૧/૨૦ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબની પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧) અંગજડતીના તથા દાવના નાણાં કુલ રૂપિયા ૧૦,૬૫૦/-

(૨)ગંજીપાના નંગ-૫૨ જેની કિં,રૂ-00/00

(૩) મોબાઇલ ફોન-૦૩ ની કુલ્લે કિં.રૂ.૧૦,૫૦૦/-

જે તમામ મુદ્દામાલ મળી કુલ્લે રૂપિયા રૂ,૨૧,૧૫૦/- નો મુદામાલ.

.

## પકડાયેલ આરોપીઓ:-

(૧) દિલીપભાઇ સન/ઓ મગનભાઇ અમરાભાઇ અંજારા ઉ.વ.૩૦ રહે.હિરાવીલા સોસાયટી આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ અમદાવાદ શહેર

(૨) નાગરભાઇ સન/ઓ દેવજીભાઇ ખાનાભાઇ અંજારા રહે.સિધ્ધી વિનાયક ડુપ્લેક્ષ સામે આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ અમદાવાદ શહેર

(૩)અમિતભાઇ સન/ઓ બળદેવભાઇ ગણેશભાઇ ડાભી ઉ.વ.૩૦ રહે.હિરાવીલા સોસાયટી આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ અમદાવાદ શહેર

(૪) દિપકભાઇ સન/ઓ ખાનાભાઇ ભલાભાઇ ચૌહાણ ઉ.વ.૨૫ રહે.ગાયત્રીનગર બળીયાદેવના મંદિર પાસે સરખેજ ગામ અમદાવાદ શહેર શહેર

(૫)વિજય સન/ઓ અમરાભાઇ કેશવભાઇ ખંડવી ઉ.વ.૨૪ રહે.હિરાવીલા સોસાયટી આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ અમદાવાદ શહેર

(૬)પ્રભાતભાઇ સન/ઓ કરશનભાઇ લાલાભાઇ પરમાર ઉ.વ.૫૫ રહે.હિરાવીલા સોસાયટી આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ અમદાવાદ શહેર

(૭)વિનોદભાઇ સન/ઓ પેથાભાઇ બેચરભાઇ ડાભી ઉ.વ.૫૬ રહે.હિરાવીલા સોસાયટી આઝાદનગર ફતેવાડી સરખેજ ધોળકા રોડ અમદાવાદ શહેર

## સરખેજ પોલીસ સ્ટેશનઃ-

## શ્રાવણ માસમાં જાહેરમાં તીન પત્તીનો જુગાર રમાતા આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શ્રાવણ માસ દરમ્યાન ચોરી છુપીથી ગેર કાયદેસર પત્તા પાના વડે રોકડ રકમની હાર જીતનો તીન પત્તીનો જુગાર રમતા હોય જેના પર વોચ રાખી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રમાતા જુગાર જેવી બદીને નેસ્ત નાબુદ કરવા સારૂ તેમજ મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા મળેલ સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ. સી.એન.પરમાર તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.હેડ.કોન્સ દેવેન્દ્રસિંહ બબલસિંહ બ.નં.૮૬૨૬ તથા અનાર્મ લોકરક્ષક દિલીપભાઇ ભાનુભાઇ બ.નં.૦૯૩૨ અ.પો.કો સુરેશભાઇ ગગુભાઇ બ.નં-૯૭૭૩ તથા અ.પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ તથા અનાર્મ લોકરક્ષક રાજેશભાઇ મોહનભાઇ બ.નં.૧૪૪૭ તથા અ.પો.કોન્સ.હરીસંગ સુરતસંગ બ.નં.૧૦૦૮૨ તથા અ.પો.કોન્સ દશરથસિંહ કરશનભાઇ બ.નં.૧૩૧૭૫ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અનાર્મ લોકરક્ષક દિલીપભાઇ ભાનુભાઇ તથા અ.પો.કોન્સ ધર્મેન્દ્રસિંહ નારણભાઇ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે મોજે સરખેજ આઇ.ટી.આઇ.પાસે સરકારી હોસ્પિટલ સામે કાચા છાપરા આગળ ખુલ્લી જગ્યામાં **ભેગા થઇ** ગંજીપાનાથી પૈસાની હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડી જુગારના સાધનો તથા રોકડા નાણા રૂપીયા ૧૦,૩૬૦/- મળી કુલ્લે રૂ,૧૦,૩૬૦/-ના મુદ્દામાલ સાથે તા.૦૪/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૦૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહિ કરી અત્રેના પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૪૦૩/૨૦ **ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબની** પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## કબ્જે કરેલ મુદ્દામાલ-

(૧) અંગજડતીના તથા દાવના નાણાં કુલ રૂપિયા ૧૦,૩૬૦/-

(૨)ગંજીપાના નંગ-૫૨ જેની કિં,રૂ-૦૦/૦૦

જે તમામ મુદ્દામાલ મળી કુલ્લે રૂપિયા રૂ,૧૦,૩૬૦/- નો મુદામાલ.

.

## પકડાયેલ આરોપીઓ:-

(૧)લક્ષ્મણભાઇ રમેશભાઇ સોલંકી ઉ.વ.૨૫,(૨) રવિભાઇ દિનેશભાઇ પુરબીયા ઉ.વ.૨૪ (૩) પ્રવિણભાઇ કાળુભાઇ વાઘેલા ઉ.વ.૩૨, (૪) નરેન્દ્ર ખોડાભાઇ પરમાર ઉ.વ.૨૩,(૫) ગોવિંદભાઇ મંગાભાઇ મકવાણા ઉ.વ.૪૦, (૬)અમરતભાઇ ધીરૂભાઇ વાળા ઉ.વ.૨૦, (૭) ધીરૂભાઇ પુનાભાઇ વાઘેલા ઉ.વ.૫૫, (૮) સુનિલભાઇ ખુમાભાઇ મકવાણા ઉ.વ.૨૫, (૯) જયંતિભાઇ લાલજીભાઇ પુરબીયા ઉ.વ.૩૩, (૧૦) નરેશભાઇ ગોવિંદભાઇ માલુડા ઉ.વ.૨૧, તમામ રહે.કાચા છાપરામાં સરકારી હોસ્પિટલ સામે આઇ.ટી.આઇ.પાસે સરખેજ અમદાવાદ શહેર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૯,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૨/૨૦૨૦**

**એલીસબ્રીજઃ** મોહીત સ/ઓ રામચરણ શ્રૃગી (ઉ.વ.૨૯) (રહે. આવાસ પી.જી. એલીસબ્રીજ) તા.૦૪/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે એસ.વી.પી.હોસ્પીટલ ખાતે ઓ.ટી.વિભાગમાં મજુરી કામ કરતા હતા ત્યારે બીજા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિહ વેચાતભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૧૩/૨૦૨૦**

**રામોલઃ** વૈશાલીબહેન વા/ઓ રાજુભાઇ મારવાડી (ઉ.વ.૩૭) (રહે. સનરાઇઝ પાર્ક દરબારનગર સી.ટી.એમ. રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ રતીલાલ ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** પ્રવિણભાઈ રૂપરાવ કરડે (ઉ.વ.૨૫) (રહે.નવી વસાહત જસોદાનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કુલાભાઇ ભુરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી